ગાંધીનગર સમાચાર

# મોડાસામાં 'વિકાસ દિવસ' સેવાયજ્ઞ કાર્યક્રમ યોજાયો

## સૌનો સાથ અને સૌનો વિકાસ એ અમારી સરકારનું સૂત્ર રહ્યું છે : ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી

બાયડ તા.૭

રાજય સરકારના પાંચ વર્ષના ૧ થી ૯ દિવસના વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે ૭ મી ઓગસ્ટ ૨૦૨૧ના રોજ રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થયા. જે અંતર્ગત નવી દિલ્હી ખાતેથી દેશના ગૃહ મંત્રીશ્રી અમિત શાહ તથા દેશના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીશ્રી નીતિન ગડકરીની અધ્યક્ષતામાં તથા ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં ''વિકાસ દિવસ'' સેવાયજ્ઞ કાર્યક્રમ યોજાયો જેમાં રાજ્યના તમામ જીલ્લાઓમાં ૩૮૧.૬૫ કરોડના ૨૫,૦૦૮ આવાસોનું ઈ-લોકાર્પણ તેમજ ૭૦૩.૩૨ કરોડના ૪૬,૦૮૬ આવાસોનું ખાતમુહૂર્ત તથા બીજા અન્ય વિભાગોના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કરાયું. આ કાર્યક્રમ રાજ્યના ૧૨૦ સ્થળોએ યોજાયો હતો.

જેમાં અરવલ્લી મોડાસાના ભામાશા હોલ ખાતે ગ્રામ ગૃહ નિર્માણ,ગ્રામ વિકાસ, પશુપાલન અને ગૌસંવર્ધન રાજ્ય કક્ષાના મંત્રીશ્રી બચુભાઈ ખાબડની ઉપસ્થિતમાં ''વિકાસ દિવસ'' સેવાયજ્ઞ કાર્યક્રમ યોજાયો. જેમાં જીલ્લામાં ''પ્રધાનમંત્રી આવાસ





યોજના'' હેઠળ લાભાર્થીઓને ગૃહ પ્રવેશની ચાવી અને ખાતમુહૂર્ત અર્થે મંજૂરી તથા અંદાજીત ૭૨,૦૦,૦૦૦ લાખની ૩ નવીન એસ.ટી. બસોનું ચાવી આપીને લોકાર્પણ કરાયું. જેમાં અરવલ્લી જીલ્લાના ૨૬૬૦ આવાસો અને ગૃહ પ્રવેશ પત્રો તથા ૬૬ કે.વી. નવા સબસ્ટેશનો જેવા કે રંગપુર,લીંભોઈ તથા કુશ્કી ખાતે ઉભા કરાયા.

આ પ્રસંગે ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું કે, આ કાર્યક્રમ સરકારના પાંચ વર્ષના કરેલ કામગીરી અંગેનો કાર્યક્રમ છે. સૌનો સાથ અને સૌનો વિકાસ એ અમારી સરકારનું સુત્ર રહ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની સરકાર પ્રજાને હર હંમેશ તેમની ચિંતા કરતી સંવેદનશીલ સરકાર છે. સરકાર દ્વારા પ્રજાને અનેક ભેટ સૌગતો અર્પી છે.જેમાં છેલ્લા પાંચ વર્ષમાં અનેક ક્ષેત્રોમાં કામો કર્યા છે. જેમાં કૃષિક્ષેત્રે, ખેડૂતોની વાત હોય, આવાસો ક્ષેત્રે, પશુપાલક ક્ષેત્રે, સિંચાઈ, ઉદ્યોગ ક્ષેત્રે, પીવાના પાણી, આરોગ્ય, રોજગારી, શિક્ષણ, રોડ,રસ્તા, માર્ગ વ્યવસ્થા,મહિલાઓ, બેટી બચાવો, મતસ્ય ઉદ્યોગ, તથા વાહનવ્યવહાર જેવા અનેકવિધ ક્ષેત્રે વિકાસના કામો આ સરકારે પૂર્ણ કર્યા છે. રાજયના ગ્રામીણ વિસ્તારોમાં વસતા ઘર વિહોણા લાભાર્થીઓને તથા કાચા અને જર્જરિત મકાનમાં રહેતા પરિવારોને પાયાની સુવિધાઓ સાથે પાકું આવાસ પૂરું પાડવાનો પ્રધાનમંત્રી આવાસ યોજનાનો ઉદ્દેશ છે. પ્રધાન મંત્રી આવાસ યોજના (ગ્રામીણ) તા. ૨૦ નવેમ્બર ૨૦૧૬ થી અમલમાં મુકવામાં આવી હતી. ગ્રામ્ય વિસ્તારના કુટુંબોને તેમના સ્વપનનું ઘર મળે અને તેમનું જીવન ઊંચું આવે તે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો મુખ્ય હેતુ છે.પાકું ઘર આપવ માટે આ યોજન અંતર્ગત રૂ.૧.૨૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે.

તેમણે વધુ ઉમેરતા જણાવાયું કે, આદિજાતી વિસ્તાર કે અન્ય વિસ્તારને રસ્તાઓ,પુલો, રેલ્વે ફાટક માટેના ઓવરબ્રીજ,દરેક નાના ફળિયાઓમાં રસ્તાઓ, ફોરલેન પુરા પાડવામાં આવ્યા છે. આવી સુખાકારી વ્યવસ્થા પ્રજાને મળી છે. નર્મદા યોજનાથી છેવાડાના ગામડા સુધી પાણી, સુજલામ સુફલામ યોજના, વનબંધુ યોજના, જળાશયોની યોજનાઓ હેઠળ અનેક લોકોને આવરી લેવાયા છે.ટપક પદ્ધતિથી પૂરતું પાણી મળે તે ક્ષેત્રે સરકાર કામો કરી રહી છે. રૂ.૨૧.૭૬૧ કરોડના ખર્ચે ''નલ સે જલ'' યોજના હેઠળ ૧૮ હજાર ગામડાઓના લોકોને શુદ્ધ પાણી આપવાની વ્યવસ્થાની કામગીરી પણ સરકાર આપી રહી છે. આ સરકાર વિકાસની યાત્રા અવિરત ચાલુ રાખશે.

આ પ્રસંગે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના, જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા, જીલ્લા સંગઠન પ્રભારી શ્રીમતી જયશ્રીબેન, જીલ્લા ગ્રામ વિકાસ અધિકારીશ્રી બી.ડી.ડાવેરા, મામલતદારશ્રી ગઢવી, શ્રી ભીખાજી ઠાકોર, અધિકારીશ્રીઓ તથા આવાસ યોજનાના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધનસુરા ખાતે ઉચ્ચતર માધ્યમિકના શિક્ષકોએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો

## પોતાની પડતર માગણીઓને લઈને વિરોધ નોંધાવ્યો

ધનસુરા, તા. ૭

ધનસુરા ખાતે ઉચ્ચતર માધ્યમિક ના શિક્ષકો એ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ ગુજરાત ના ઉપપ્રમુખ રોહિત પટેલ (જે.એસ મહેતા હાઈસ્કુલ ધનસુરા) તથા હિતેશભાઈ પટેલ (ઉપપ્રમુખ ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ અરવલ્લી ધનસુરા જે.એસ. મહેતા હાઈસ્કૂલ) અને શિક્ષકો એ



પોતાની પડતર માગણીઓને લઈને વિરોધ નોંધાવ્યો હતો શિક્ષકોએ સાતમા પગાર પંચના તફાવતના બાકી હપ્તા તાત્કાલિક ચુકવવા, પાંચ વર્ષની ફિક્સ પગારની નોકરી તમામ હેતુઓ માટે સળંગ ગણવી, જી.પી.એફ અને જૂની પેન્શન યોજનાનો અમલ કરવો તથા ફાજલ ના કાયમી રક્ષણના પરિપત્ર માં રહેલી વિસંગતતાઓ અને વાંધાજનક મુદ્દાઓ દૂર કરવા જેવી માગણીઓને લઈને શિક્ષકોએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો જેમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ ગુજરાત ના ઉપપ્રમુખ રોહિત પટેલ (જે.એસ મહેતા હાઈસ્કુલ ધનસુરા) તથા હિતેશભાઈ પટેલ (ઉપપ્રમુખ ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ અરવલ્લી ધનસુરા જે.એસ. મહેતા હાઈસ્કૂલ) સહિત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા

# વિકાસ દિવસ : આકરૂન્દ પંચાયત વિસ્તારમાં લાભાર્થીઓને ઈ-ગૃહ પ્રવેશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

ગુજરાતની વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલની સરકારને યશસ્વી ૫ વર્ષ પૂરાં થતાં શનિવારે રાજ્યમાં વિકાસ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં આકરૂન્દ ગ્રામ પંચાયતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ તૈયાર થયેલા મકાનોમાં ઈ-ગૃહ પ્રવેશ આકરૂન્દ ગ્રામ પંચાયતના પેટાપરા નવાનગરમાં યોજાયા જેમાં



લાભાર્થીઓને ગૃહ પ્રવેશ અપાતાં હર્ષનાં આંસુ જોવા મળ્યાં. લાભાર્થીઓએ વડાપ્રધાન મોદી જુગ જુગ જીવો..ના આશીર્વાદ આપ્યા. આકરૂન્દ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ લલીતાબેન એમ. પટેલ, ઉપસરપંચ દિનેશભાઈ પટેલ, તમામ કમીટી સભ્યો અને તલાટી કમ મંત્રી અશ્વિનભાઈ પંડ્યા વગેરેએ ગમે તેવા પડકારોથી વિચલિત થયા વગર વિકાસના કામોને મહત્વ આપ્યું જેના કારણે આકરૂન્દ પંચાયત વિસ્તારમાં અનેક લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળ્યો. નવાનગર તો જાણે શહેરી વિસ્તારમાં ફેરવાયું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા. પ્રધાનમંત્રી આવાસનું નિર્માણ થયા પછી તા.૭ ના રોજ વિકાસ દિવસ નિમિત્તે નવાનગરમાં પ્રધાનમંત્રી આવાસ ગ્રામિણ યોજનાઓમાં લાભાર્થીઓને પ્રવેશ તથા ખાતમુહર્તનો કાર્યક્રમ સવારે ૯-૦૦ વાગે યોજવામાં આવ્યો જેમાં લાભાર્થીઓ સહિત સ્થાનિકો જાણે કે દિપાવલીનો માહોલ હોય તેમ ઉત્સાહથી જોડાયા હતા. સ્થાનિક નાગરિકોએ વર્તમાન સરપંચ, ઉપસરપંચ અને તેમની ટીમે વચનો આપ્યાં હતાં તે પરીપૂર્ણ કર્યા તેવું જણાવ્યું. ઈ-ગૃહ પ્રવેશ સમયે નરેશ બાલાજી પગી સહિત સામૂહીક લાભાર્થીઓ તેમાં જોડાયા. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય કાળીબેન કાળાભાઈ રબારી, તાલુકા પંચાયત દંડક વિણાબેન વિનોદભાઈ પટેલ, સરપંચ લલીતાબેન પટેલ, ઉપસરપંચ દિનેશભાઈ પટેલ, આકરૂન્દ સેવા મંડળીના ચેરમેન ભરતભાઈ પટેલ સહિત પંચાયતના સભ્યો તેમજ તાલુકા ભાજપ સંગઠન મહામંત્રી દોલતસિંહ સોલંકી અને વિભાગના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભીલોડામાં 'આરોગ્ય સુખાકારી' કાર્યક્રમ યોજાયો



બાયડ તા.૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા પ્રેરણા હાઈસ્કૂલ ખાતે જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણનીની ઉપસ્થિતિમા આરોગ્ય વિભાગના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત, P.S.A.પ્લાન્ટના લોકાર્પણ, ૧૦૦ ટકા રસીકરણ થયેલા ગામોના સરપંચોના સન્માન તથા કોરોના વોરીયર્સો સન્માન કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણે જણાવ્યું કે, છેલ્લા દોઢ વિશ્વ આખું વર્ષથી લોકો કોરોનાની સામે ઝઝૂમી રહ્યું છે. તેવા સમયે આરોગ્ય વિભાગના ડોકટર, નર્સ, સફાઈ કામદારો તથા બીજા અન્ય કર્મચારીઓ દ્વારા કોરોના સામેની લડાઈમાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવી છે. કોરોના દરમિયાન આપણે આપણા અનેક સ્વજનોણે ગુમાવ્યા છે. અને આવા સમયે પોતાના જીવની પણ પરવા કર્યા વગર તથા પરિવારથી દુર રહીને આપણી સેવામાં ખડેપગે રહ્યા છે. તેવા આરોગ્ય કમર્ચારીઓનું ઋણ અદા કરીએ તેટલું ઓછુ છે.

આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત સદસ્ય રસીકાબેન ખરાડી, જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્ર કુમાર મીના, ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતિલાલ પટેલ, મહામંત્રી ભવાનભાઈ ઠાકોર,ભાજપ યુવા અગ્રણી વીરભદ્રસિંહ ચૌહાણ, ભિલોડા તાલુકા પંચાયત સદસ્ય ભાનુમતીબેન મેણાત, શ્યામભાઈ પરમાર, બંકિમચંદ્ર તબિયાર, અમૃતલાલ નિનામા, સરપંચો, સામાજીક આગેવાનો, અધિકારશ્રીઓ તથા કોરોના વોરીયર્સો ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસકાંઠામાં અત્યાર સુધીમાં માત્ર ૨૫.૮૯ ટકા વરસાદ પડ્યો

**સૌથી વધુ દાંતામા ૫૨.૮૬ ટકા અને સૌથી ઓછો વરસાદ લાખણી ૭.૨૭ ટકા નોંધાયોઃ નબળા ચોમાસાને લઈ જિલ્લાના જળાશયોમાં હજુ સુધી નવા નીર આવક થઈ નથી**

પાલનપુર, તા. ૭

બનાસકાંઠા જિલ્લામાં ચોમાસાની ઋતુમાં વરસાદ

| તાલુકા મુજબ સિઝનનો વરસાદ | |
|---|---|
| અમીરગઢ | ૨૩.૫૭ % |
| કાંકરેજ | ૨૧.૯૭ % |
| ડીસા | ૩૯.૭૩ % |
| થરાદ | ૯.૩૮ % |
| દાંતા | ૫૨.૮૬ % |
| દાંતીવાડા | ૧૭.૫૬ % |
| દિયોદર | ૧૪.૫૨ % |
| ધાનેરા | ૨૭.૬૨ % |
| પાલનપુર | ૨૯.૮૬ % |
| ભાભર | ૧૮.૬૭ % |
| લાખણી | ૦૭.૨૭ % |
| વડગામ | ૪૦.૪૭ % |
| વાવ | ૧૪.૩૪ % |
| સુઈગામ | ૨૨.૩૨ % |
| જિલ્લાનો કુલ વરસાદ | ૨૫.૮૯ % |

ખેંચાતા ધરતીપુત્રો ચિંતિત થઈ ઉઠ્યા છે જોકે છેલ્લા એક સપ્તાહ થી ચોમાસુ માહોલને લઈ વાતાવરણ ડામાડોળ હોવા છતાં ક્યાંક ક્યાંક ઝરમરીયો વરસાદ

**જળાશયોમાં હજુ નવા નીર આવ્યા નથી**

બનાસકાંઠાની સાથે રાજસ્થાનના ઉપરવાસમાં વરસાદ ખેંચાતા જિલ્લાના નદી નાળા કોરા ધાકોર હોઈ હજુ દાંતીવાડા, સિપુ,મુકેશ્વર સહિત ના જળાશયો અને તળાવ સરોવર માં નવા નીર ની આવક ન થતા જળાશયોના તળિયા દેખાઈ રહયા છે

વરસી રહ્યો છે જોકે ચોમાસાનો અષાઢ માસ મોટાભાગે કોરો જતા જિલ્લામાં સિઝનનો માત્ર ૨૫.૮૯ ટકા વરસાદ નોંધાયો છે જોકે આ નબળા ચોમાસાને લઈ જિલ્લાના જળાશયોમા અત્યાર સુધી નવા નીરની આવક ન થતાં જળ સંકટ સર્જાવાની દહેશત વર્તાવા લાગી છે.

બનાસકાંઠા જિલ્લામાં ચોમાસાની ઋતુનો એક માસ વીતવા છતાં જોવે તેવો વરસાદ ન વરસતા અને વરસાદની અષાઢ માસ કોરો પસાર થતા ખેડૂતો ચિંતાતુર બન્યા છે જોકે અપૂરતા વરસાદના કારણે જિલ્લાના નદી નાળા કોરો ધાકોર હોઈ ધકોર હોઈ તળાવ સરોવર અને દાંતીવાડા, સિપુ,મુકતેશ્વર જેવા જળાશયોમાં નવા નીર ની હજુ સુધી આવક ન થતા આ મોટા જળાશયો ના તળિયા દેખાઈ રહ્યા છે જોકે જિલ્લામાં અત્યાર સુધીમાં માત્ર ૨૫.૮૯ ટકા વરસાદ નોંધાયો છે જેમાં સૌથી વધુ દાંતા માં ૫૨.૮૬ ટકા અને સૌથી ઓછો લાખણી તાલુકામાં માત્ર ૭.૨૭ થરાદ તાલુકામાં માત્ર ૯.૩૮ ટકા વરસાદ નોંધાયો છે જેને લઈ જો આવનારા નજીકના સમયમાં સારા પ્રમાણમાં વરસાદ નહિ થાય તો જિલ્લામાં સિંચાઈ માટે જળ સંકટ સર્જાવાની ભીતી સેવાઈ રહી હોઈ લોકો વરસાદ ની આતુરતાથી રાહ જોતા થયા છે.

# રડોદરાનું નામ રોશન, બોસ્ટર્નમાં અભ્યાસ માટે અમેરીકાએ વિઝા આપ્યા

**ધો.૧૨ માં ૯૧ ટકા ગુણ સાથે વડોદરામાં બીજા સ્થાને**



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

જાણીતા બિલ્ડર ચેતન કેશવભાઈ પટેલ અનો નિશાબેન પટેલનો પુત્ર વ્યોમનો અમેરીકાના બોસ્ટર્નમાં બિઝનેશ મેનેજમેન્ટમાં અભ્યાસ માટે વિઝા મળતાં રડોદરા અનો વલ્લભવિદ્યાનગરનું નામ રોશન કરનાર પટેલ પરિવારનો અનોક લોકોએ અભિનંદન પાઠવ્યા છે.

# ધાનેરા તાલુકાના થાવર મુકામે ગુજરાત બેંક અને બનાસબેંક દ્વારા ખેડુત સેમિનાર યોજાયો




ધાનેરા, તા. ૮

ગુજરાત બેંક અને બનાસબેંક આયોજીત ખેડુત સેમીનાર ધાનેરા તાલુકાના થાવર મુકામે યોજાયો હતો. આ સેમિનારમાં ખેડુતો અને વેપારીઓને બેંકની વિવિધ ધિરાણ યોજનાઓ, બેંકની ઓનલાઈન અદ્યતન સગવડો, સરકાર દ્વારા અપાતી સામાજિક સુરક્ષા (વીમા) યોજનાઓની માહિતી અપાઇ હતી. કૃષિ અને પશુપાલન ધિરાણમાં સરકાર શ્રીની વિવિધ યોજનાઓનો લાભ મેળવી ખેડુતોની આવક વધારવા અંગે માહિતગાર કર્યા હતા. બેંકના ચેરમેન એમ.એલ. ચૌધરીએ બેંકની વિવિધ યોજનાઓનો લાભ લઈ આર્થિક પગભર થવા ખેડુતોને આહ્વાન કર્યુ હતું. આ પ્રસંગે પુર્વ મંત્રી હરજીવનભાઇ પટેલ અને વસંતભાઇ પુરોહિતે પ્રાસંગીક ઉદબોધન કર્યુ હતું. આ પ્રસંગે એપીએમસી ધાનેરા ચેરમેન ભુરાભાઈ પટેલ, ધાનેરા તા.પં. પ્રમુખ સોનાભાઇ, એપીએમસી ધાનેરાના પુર્વ ચેરમેન ભગવાનદાસ પટેલ, ધાનેરા તા.સંઘના ચેરમેન હરદાસભાઈ પટેલ, ધાનેરા તાલુકા ભાજપ પ્રમુખ હરજીભાઇ પટેલ, સહકારી અગ્રણીઓ, સેવા દુધ મંડળીના ચેરમેન મંત્રીશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા આ પ્રસંગે જીવાણા મઠના મહંત રતનગીરીજીએ ખાસ ઉપસ્થિત રહી સૌને આર્શિવચન પાઠવ્યા હતા.

# પાવરલીફટિંગ ગેમમાં ગોલ્ડ મેડલ વિજેતા...

રાયગઢ, તા.૦૭



પાવરલીફટિંગ સ્પોર્ટ્સ એશોસિયેશન ગુજરાત દ્વારા મણિનગર અમદાવાદ ખાતેની એક સ્કૂલમાં તાજેતરમાં યોજાયેલ પાવરલીફટિંગ ગેમની સ્પર્ધામાં હિંમતનગર આર્ટસ & કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતી અને હિંમતનગર તાલુકાના ચાંપલાનાર ગામની વતની કૃપાલીબેન રાજેશભાઈ નાયીએ પાવરલીફટિંગ ૮૪ વેઈટ ઓપનમાં ગોલ્ડ મેડલ મેળવી સમાજ, ગામ અને જિલ્લાનું ગૌરવ વધારેલ છે.



ધનસુરા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ માં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમ એન.એસ.એસ.ના ઉપક્રમે યોજાયો હતો આ વૃક્ષારોપણ ના કાર્યક્રમ માં ધી. ધનસુરા એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ શ્રી જે.સી.શાહ ,ઉપપ્રમુખ રાજેન્દ્રભાઈ શાહ,મંત્રી અનિલભાઈ શાહ, અતુલભાઈ બ્રહ્મભટ્ટ તથા સર્વે હોદ્દેદારો અને પ્રિન્સિપાલ પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ તથા સ્ટાફ મિત્રો અને એન.એસ.એસ ના સ્વયંસેવકો જોડાયા હતા અને વૃક્ષારોપણ કર્યું હતું.

## જન્મદિને વધામણી



ધ્યાની ભદ્રેશકુમાર દરજી
જીતપુર, તા.બાયડ



પ્રિન્સી વખતસિંહ ઝાલા
મગનપુરા, તા.બાયડ



પ્રદ્યુમન અમલકુમાર પટેલ
હિંમતનગર, જિ.સાબરકાંઠા



રજાકભાઈ મનસૂરી
(આચાર્ય : દેરોલી હાઈસ્કુલ)
બાયડ(ચોઈલા)



અનિલ શાહ
(ક્રિષ્ણા મોબાઈલ-બાયડ)
બાયડ(અમદાવાદ)



રાજુભાઈ (કૌશિકભાઈ) આર. શાહ
(કારતક સેલ્સ એજન્સી)
બાયડ, જિ.અરવલ્લી



અંકુરભાઈ(ગોપાલ) પટેલ
(ગજાનંદ ઈન્ફ્રા.)
રડોદરા, તા.બાયડ



**ઘરમાં રહો, સુરક્ષિત રહો**